અપીલ અરજી નં.૨૭૦ તા.૧૭–૧૧–૦૯/૧૦

અરજદાર:– શ્રી કલ્યાણભાઈ બાબુરાવ શહાણે
સામાવાળા:– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકત:–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કલ્યાણભાઈ બાબુરાવ શહાણેની તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી આત્માનંદ ઈન્ડસ્ટ્રીઝ સોસાયટી–૨ પ્લોટ નં.૧૩૭/૧૩૮,૧૨૦ ફુટ રોડ આશાપુરી સર્કલ બમરોલી રોડ ઉધના સુરત. (૧) બાંધકામ કોની માલિકીનું છે તેમના નામ (૨) પ્લોટ ઉપર કેટલા માળનું કામ ચાલુ છે. (૩) બાંધકામનો પ્લાન સુ.મ.પા.માં પાસ છે કે કેમ? (૪) પહેલા માળનું સ્ટેબિલીટી રીપોર્ટ રજુ કાર્ય છે કે કેમ? (૫) ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલા માળનું બી.યુ.સી. મેળવેલ છે કે કેમ? (૬) સ્ટ્રકચર એન્જીનીયર કોણ છે? (૭) સ્ટ્રકચર સુ.મ.પા.ના પ્લાન પાસ કરેલ તે પ્રમાણે છે કેમ? (૮) બાંધકામ કરનાર કોન્ટ્રેકટર પાસે બાંધકામનું લાઈસન્સ છે કે કેમ હોય તો લાઈસન્સની નકલ અને તેના નામ. (૯) બાંધકામ કયા ડે.ઈજનેર તથા આસી.ઈજનેરને વિસ્તારમાં આવે છે. ગેરકાયદેસર બાંધકામની તેમને ખબર છે કે કેમ? (૧૦) બાંધકામ રોકવા માટે કોઈ નોટીસો મોકલી હોય તો તેની નકલ. (૧૧) બાંધકામની ખબર કાર્યપાલક ઈજનેર કે.એસ.દેસાઈને છે કે કેમ? (૧૨) બાંધકામની ખબર કમિશ્નર મા.શ્રી મહેશસિંગ સાહેબને છે કે કેમ? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૭–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૭૦/૨૦૦૯–૧૦

શ્રી કલ્યાણભાઈ બાબુરાવ શહાણેની તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી આત્માનંદ ઈન્ડસ્ટ્રીઝ સોસાયટી–૨ પ્લોટ નં.૧૩૭/૧૩૮,૧૨૦ ફુટ રોડ આશાપુરી સર્કલ બમરોલી રોડ ઉધના સુરત. (૧) બાંધકામ કોની માલિકીનું છે તેમના નામ (૨) પ્લોટ ઉપર કેટલા માળનું કામ ચાલુ છે. (૩) બાંધકામનો પ્લાન સુ.મ.પા.માં પાસ છે કે કેમ? (૪) પહેલા માળનું સ્ટેબિલીટી રીપોર્ટ રજુ કર્યુ છે કે કેમ? (૫) ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલા માળનું બી.યુ.સી. મેળવેલ છે કે કેમ? (૬) સ્ટ્રકચર એન્જીનીયર કોણ છે? (૭) સ્ટ્રકચર સુ.મ.પા.ના પ્લાન પાસ કરેલ તે પ્રમાણે છે કેમ? (૮) બાંધકામ કરનાર કોન્ટ્રાકટર પાસે બાંધકામનું લાઈસન્સ છે કે કેમ હોય તો લાઈસન્સની નકલ અને તેના નામ. (૯) બાંધકામ કયા ડે.ઈજનેર તથા આસી.ઈજનેરને વિસ્તારવામાં આવે છે. ગેરકાયદેસર બાંધકામની તેમને ખબર છે કે કેમ? (૧૦) બાંધકામ રોકવા માટે કોઈ નોટીસો મોકલી હોય તો તેની નકલ. (૧૧) બાંધકામની ખબર કાર્યપાલક ઈજનેર કે.એસ.દેસાઈને છે કે કેમ? (૧૨) બાંધકામની ખબર કમિશ્નર મા.શ્રી મહેશસિંગ સાહેબને છે કે કેમ? તેની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં. સા.ઝોન/ટેક/૪૬૯૫ તા.૧૧–૧૧–૦૯ થી આપેલ માહિતીમાં ખરી માહિતી છુપાવવામાં આવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર ં.આરટીઆઈ સેલ/૯૩૦ તા.૨૪–૧૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/૫૩૫૯ તા.૧૦–૧૨–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.ઝોન/ટેક/૪૬૯૫ તા.૧૧–૧૧–૦૯ ના પત્રની નકલ,નોંધ વિભાગ, સદર મિલ્કત અંગે હસુબેન ભરતકુમાર મશરૂવાળાને આપેલ મનાઈ હુકમના પત્ર નં.સા.ઝોન/ટેક/૪૯૮૬ તા.૨૪–૧૧–૦૭ ની નકલ તથા બીપીએમસી એકટની કલમ–૨૬૦ (૧) (અ) હેઠળ આપેલ નોટીસના પત્ર નં.સા.ઝોન/ઉધના/આંન.૪૯૮૭ તા.૨૪–૧૧–૦૯ ની નકલ તથા ભરતકુમાર જમીયતરામ મશરૂવાળાને નં.સા.ઝોન/ટેક/૪૯૮૯ તા.૨૪–૧૧–૦૯ થી આપેલ મનાઈ હુકમની નકલ તથા પત્ર નં.સા.ઝોન/ઉધના/૪૯૯૦ તા.૨૪–૧૧–૦૯ થી બીપીએમસી એકટની કલમ–૨૬૦(૧)(અ) મુજબ આપેલ નોટીસની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી અરજદારે ઉપરોકત વિષયમાં જણાવેલ મિલ્કત અંગે મુદ્દા નં.૧ થી ૧૨ ની માહિતી માંગવામાં આવેલ છે.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઝોન/ટેક/૪૬૯૫ તા.૧૧–૧૧–૦૯ થી આત્માનંદ ઈન્ડ. સોસા.–૨, પ્લોટ નં.૧૩૭,૧૩૮ માં બીજા માળના ચાલી રહેલા બાંધકામની મનપાની મંજુરી લેવામાં આવેલ નથી તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારે માંગેલ મુદ્દા નં.૨,૩ની જ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં આપેલી નોટીસ અંગેની માહિતી અત્રે રજૂ કરેલ છે તે પણ અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી તથા અન્ય માહિતી અંગે પણ જાહેર માહિતી અધિકારીએ આરટીઆઈ કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૨ અને ૩ સિવાયની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી ઉપલબ્ધ દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, (ઉધનાઝોન), ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી કલ્યાણભાઈ બાબુરાવ શહાણે,